વા.લ. રૂ. ૧૦૦/-
વા. સ. રૂ. ૧૦૦/-

# સત્યાન્વેષણ

SATYASHODHAK SABHA, SURAT ૧૫ માર્ચ, ૨૦૨૨ Vol. 16 No. 3

# ટોચ પર પહોંચેલો અંધશ્રદ્ધાનો વેપાર



**નેટ પર તમને ચોક્કસ વાંચવા મળશે :**
**www.satyashodhaksabha.com પર જાઓ.**

# ચીંતનકણીકા

**સંકલન : મોહન આર. પટેલ**

* જેને તમે પ્રેમ કરો છો, તે તો પ્રેમ છે જ નહીં, પરંતુ તે તો અરસ-પરસની તૃપ્તી છે.
**–જે. કૃષ્ણમુર્તી**
* જ્યાં સુધી બીજા સાથે જોડાવાનું તમારામાં સાહસ ન હોય ત્યાં સુધી તમને પ્રેમ ના મળે.
**–લાઓત્સે**
* પાત્ર-કુપાત્ર જેવી ગૌણ બાબતો કરતાં, મહત્વની બાબતે તો પરસ્પર રીતે ઉંડાઈનો પ્રેમ-સાંકળીએ તે તો મહત્વની બાબત અને સીદ્ધી પણ ગણાય, જેમાં ઉંમર કે કાળા-ગોરાનો ભેદ પણ રહેતો નથી. તે કુદરતી બાબતને સમજો. **–મોહન આર. પટેલ**
* વીવેકબુદ્ધીવાદ, માનવવાદ, વૈજ્ઞાનીક અભીગમ અને માનવીય સેવા હેતુસરની જીવન શૈલીથી જીવન આનંદમય બને, માત્ર ભોગવાદથી નહીં. **–મોહન આર. પટેલ**
* માનવી કોઈપણ ધર્મ પાળતો ન હોય તો પણ નીતીમય જીવન જીવી શકે. **–નેપોલીયન**
* વીસમી સદીના મહાન પાર્શ્વગાયક-એલ્વીસ પ્રીસલી, ફ્રાંસ (૧૯૩૫ -૧૯૭૭) લખે છે : ‘પ્રેમને ઉંમર સાથે નહીં-બે હૃદય સાથે સંબંધ હોય છે. લગ્નમાં પ્રેમ બાધા નહીં-ઉપકારક હોય છે. લગ્ન કર્યા હોય કે, ન કર્યા હોય-પરંતુ જીવનમાં પ્રેમને ઉંમરનો કયારેય કાટ લાગતો નથી. સાચા પ્રેમનું આ જ સત્ય છે.
* ગાંધીજીને કોઈકે પ્રશ્ન કર્યો - તમને સૌથી વધુ ચીંતા કઈ છે ?’ ગાંધીજીનો પ્રત્યુત્તર હતો, ‘શીક્ષીત લોકોના કઠોર હૃદયની ચીંતાનો ડર મને વધુ છે. માટે પ્રેમથી સમાજસેવા માટે સમર્પીત થવું યોગ્ય છે.’ તે યાદ કરો. **–મોહન આર. પટેલ**
* પ્રેમ વીના ધીકકારથી બાળકને મારઝુડ કરશો તો ભવીષ્યમાં બાળક વીદ્રોહી બનીને સામે આવી શકે. **–મોહન આર. પટેલ**
* બાળકને પ્રેમ અને ઉત્સાહની ભેટ અવશ્ય આપો. સાથે સત્યનો ઉત્તમ માર્ગ પણ બતાવવો તે શ્રેષ્ઠ છે જ. **–મોહન આર. પટેલ**
* ‘હકીકતમાં આપણી સમક્ષ બે બાબતો રહેલ છે :
વીજ્ઞાન અને અભીપ્રાય. વીજ્ઞાન જ્ઞાનને અને અભીપ્રાય અજ્ઞાનતાને વધારે છે.’
**–હીપ્રોક્રેટ્સ (ઈ.સ.પુર્વે ૪૬૦ થી ઈ.સ. પુર્વે ૩૭૭)**

# સત્યાન્વેષણ

મુખ્ય સંપાદક

સુર્યકાન્ત શાહ

સંપાદક મંડળ

બી. એ. પરીખ
પ્રેમ સુમેસરા

સીદ્ધાર્થ દેગામી

સુનીલ શાહ
મનસુખ નારીયા

૧૫ માર્ચ, ૨૦૨૨ | સળંગ અંક : ૩૬૪ | Vol. 16 No. 3

('સત્યાન્વેષણ' ઉંઝા જોડણીમાં તૈયાર થાય છે, સીવાય કે લેખકની તે માટે અનીચ્છા હોય.)


## ટોચ પર પહોંચેલો અંધશ્રદ્ધાનો વેપાર

–સુર્યકાન્ત શાહ

દેશમાં શેર-બોન્ડના સૌથી મોટા ધંધાનું પ્લેટફોર્મ નેશનલ સ્ટોક એકસચેંજ છે. શેર બજારમાં મુખ્યત્વે બે પ્રકારના માણસો ધંધો કરે છે. એક, રોકાણકાર. રોકાણ કરવાના હેતુથી શેર-બોન્ડ-સરકારી લોન વગેરે ખરીદે છે. આકસ્મીક જરુરીયાત ઉભી થાય ત્યારે અથવા વર્ષે-બે વર્ષે ધારેલો નફો મળે ત્યારે તે વેચે છે. બે, ખેલાડીઓ. જેઓ રોજેરોજના ભાવ વધઘટમાંથી થતો નફો તારવતા હોય છે. આ બન્નેને કરોડરજ્જુની સેવા દલાલો આપે છે. ખાસ કરીને નેશનલ સ્ટોક એકસચેંજ અને બોમ્બે સ્ટોક એકસચેંજમાં કામકાજના દીવસો દરમીયાન રોજેરોજ અબજો-ખર્વો-રુપીયામાં લેણદેણ થાય છે. નેશનલ સ્ટોક એકસચેન્જમાં સૌથી વધારે લીમીટેડ કંપનીઓના શેર નોંધાયેલા છે. તેથી તેમાં સૌથી વધારે ધંધો થાય છે. કયારે કયા શેરનો ભાવ કેટલો વધશે અને ઘટશે તેની ચોકકસ આગાહી થઈ શકતી નથી.

આ બજારમાં અનીશ્ચીતતાનું તત્ત્વ ખુબ હોય છે. કેટલીકવાર તો આ બજારમાં જાણે જુગાર ખેલાતો હોય એટલી અનીશ્ચીતતા પ્રવર્તે છે. જે સમાજ અને ધંધામાં અનીશ્ચીતતાનું તત્ત્વ વધારે હોય તેમાં પડેલા લોકો પ્રારબ્ધમાં વધારે માનતા દેખાયા છે. બીલકુલ ફાલતુ પણ સાધુ-સંત હોવાનો દાવો કરનારની અકકલ વગરની સલાહાનુસાર પણ આ બજારમાં ખાસ કરીને

ભારતીય બંધારણની ૫૧ એ (એચ) કલમ મુજબ વીજ્ઞાન અને વૈજ્ઞાનીક અભીગમનો પ્રસાર કરવા સત્યશોધક સભા 'સત્યાન્વેષણ'નું પ્રકાશન કરે છે. એમાં કોઈ પણ ધર્મ, જ્ઞાતી કે જાતીની લાગણી દુભાવવાનો ઈરાદો નથી. -સંપાદક મંડળ

ખેલાડીઓ કરોડોનો ધંધો કરે છે. આવી સલાહને માનનારા મહદ્અંશે ગુમાવતા હોય છે, પરંતુ કોઈક એમ જ કમાતા હોય છે. આ લોકો પેલા સાધુની ભવીષ્ય જાણવાની શક્તીના ખુબ વખાણ કરે છે ! એ સાધુ-મૌલવી આ પ્રચારને કારણે રાતોરાત બંગલા-ગાડીમાં ફરતા થઈ જાય છે !

આવા બજારનું સંચાલન કરનારા બજારના રુખથી પુરેપુરા પરીચીત હોવા જોઈએ. એમની બુદ્ધી કુશાગ્ર હોવી જોઈએ. કયો ખેલાડી કયારે અને કયા શેરમાં ગુલાંટ મારશે તેનો એમને તરત ખ્યાલ આવવો જોઈએ. તેઓ પુરા કાર્યનીષ્ઠ અને પ્રમાણીક હોવા જોઈએ. એ પ્રારબ્ધમાં અને ભગવાન-ખુદા-ગોડની કોઈપણ પ્રકારની શક્તીમાં માનતા હોવા જોઈએ નહીં ! સાધુ-બાવા-મૌલવીઓથી હજાર જોજન દુર જ રહેતા હોવા જોઈએ. આવા સંચાલકો અને એમના મંડળના અધ્યક્ષ આ પ્રકારની લાયકાત ધરાવતા નહીં હોય તો તેઓ ખેલાડીઓ તો ઠીક, પરંતુ સામાન્ય રોકાણકારોને પણ ગોળના પાણીએ નવડાવે ! દેશના આ ટોચના નેશનલ સ્ટોક ઓફ એકસચેંજમાં ઈ.સ. ૨૦૧૮ દરમીયાન ચીત્રા સુબ્રહ્મણ્યમ્ નામના મહીલા અધ્યક્ષા હતા. મોદી સરકારે એમની નીમણુંક કરેલી. ખુદ મોદી જ જો અપાર્થીવ તત્ત્વ અને તેની શક્તીમાં માનતા હોય તો તેઓ દેશની સર્વોચ્ચ આર્થીક સંસ્થામાં પણ તેમના જેવા જ ભગતાણી નીમે એ સ્વાભાવીક છે.

આ મહીલાએ નેશનલ સ્ટોક એકસચેંજમાં અંધશ્રદ્ધાનું સામ્રાજય ફેલાવ્યું. વાચકોને યાદ હશે કે ઈ.સ. ૨૦૧૪નો ચુંટણી પ્રચાર પુરો થયા પછી આપણા પ્રધાનમંત્રી હીમાલયની ગુફામાં સાધુનો વેશ ધારણ કરીને તપ કરવા ગયા હતા. હમણાં એમણે એવો જ વેશ ધારણ કરીને બનારસમાં પોતાના પક્ષનો પ્રચાર કરેલો. ટુંકમાં, આપણા દેશની સર્વોચ્ચ સત્તાના સ્થાને અંધશ્રદ્ધાળુઓ બેઠા છે. ચીત્રા આ વાત બરાબર પામી ગયા. એમણે પણ ધીમે ધીમે વાત ફેલાવી કે હીમાલયમાંના એક સાધુ એમને નેશનલ સ્ટોક એકસચેન્જનું સંચાલન કરવામાં માર્ગદર્શન આપે છે ! પ્રારબ્ધવાદી ખેલાડીઓને એમાં કશુ અજુગતુ લાગ્યું નહીં. સંચાલક-

**(વધુ પાના નં.–૪ ઉપર)**

---

**'સત્યાન્વેષણ'નું વાર્ષીક લવાજમ (સત્યશોધક સભાના સભ્યપદ સાથે) રૂા. ૨૦૦ અને આજીવન રૂા. ૨,૦૦૦/– છે. મ. ઓ. કરો. જેઓ બેન્કમાં સીધા જમા કરાવવા માંગતા હોય તેઓ બેન્ક ઓફ બરોડા, પાર્લે પોઈન્ટ, સુરતના બચત ખાતા નં. 02580100015605, IFSC = BARB0PARLEP માં જમા કરાવી શકે છે. તેઓ જમા કર્યાનું કાઉન્ટર અત્રે મોકલાવે, અથવા મો.નં.–૯૯૭૮૮ ૯૬૩૬૪ પર ફોટો મોકલે.**

# આંતર રાષ્ટ્રીય મહીલા દીવસ

**-તંત્રી લેખ**

સમગ્ર વીશ્વમાં તા. ૮ મી માર્ચને આંતરરાષ્ટ્રીય મહીલા દીન તરીકે ઉજવવામાં આવે છે. મહીલાઓને પુરુષ સમોવડી ગણવી જોઈએ એ વાત આનંદની છે, પણ ખરેખર સ્ત્રીઓ પોતાને પુરુષ સમાન ગણે છે ? સરકાર મહીલા સશકતીકરણ સંબંધીત મુદ્દાને ધ્યાનમાં રાખી કાર્યક્રમો યોજે છે. તેમ છતાં સમાજમાં લોકોની માનસીકતા, વૃત્તીઓ અને મહીલા પ્રત્યેનો અભીગમ જોઈએ તેટલો બદલાયો નથી. પરંપરાગત માન્યતાઓના કોચલામાંથી સ્ત્રી ખુદ બહાર નીકળવા બહુ ઓછા પ્રયત્ન કરે છે. વ્રત-ઉપવાસ, કથા-કીર્તનમાં રાચતી નારીમાં બાળ ઉછેરના સંસ્કાર છે. સ્ત્રીઓ માટે અલગ કાયદાઓની જોગવાઈ કરવામાં આવી છે, પરંતુ તેનું અમલીકરણ કેટલું થાય છે તે સૌ કોઈ જાણે છે !

ભારતીય સંસ્કૃતીમાં નારીના સમ્માનના ગુણ ગાવામાં આવ્યા છે. 'યસ્ય પુજ્યતે નાર્યાસ્તુ તત્ર રચંતે દેવતા'ના સુફીયાણા સુત્ર સાથે મનુસ્મૃતી 'ઢોર, ગંવાર, શુદ્ર ઔર નારી, યે સબ તાડન કે અધીકારી' કહી છે. એક તરફ સ્ત્રીઓને 'શકતીનો અવતાર' ગણવામાં આવે છે. તો બીજી તરફ 'બુદ્ધીહીન અબળા'નું લેબલ એને લાગે છે. ધાર્મીક સ્થળો પર સ્ત્રીઓને પ્રવેશ નીષેધના બોર્ડ લગાવાય છે. 'નારી નરકની ખાણ' કહી તેની અવહેલના કરવામાં આવે છે. કેટલાક સંપ્રદાયના સાધુઓ તો સ્ત્રીઓનું મોંઢું જોવામાં પણ પાપ માને છે. જાહેરમાં સ્ત્રીઓનો પડછાયો પણ તેના પર પડવા ન દે, પણ ખાનગીમાં સ્ત્રીઓ સાથેની લીલા કરતા પણ તેઓ પકડાય છે. સ્ત્રીઓ માટે સમાજમાં અલગ વ્યવસ્થા છે. કોઈ સ્ત્રી વીધવા બને તો તે અપશુકનીયાળ ગણાય છે. તેના વાળ, વસ્ત્રો અને આભુષણો પર પ્રતીબંધ કરવામાં આવે છે. આજે પણ બહેનોને 'ડાકણ' કહીને તેના પર અત્યાચાર કરવામાં આવે છે.

સ્ત્રી તરીકે જન્મ લેતા સહન કરવી પડતી સામાજીક વીટંબણાઓ પર દ્રષ્ટી કરીએ તો સમજાય છે કે કન્યાવીક્રય, કજોડા લગ્ન, બાળલગ્ન, સતીપ્રથા, દહેજપ્રથા, વેશ્યાજીવન અને દેવદાસીની દાસ્તાનના દ્રષ્ટાંતો પીડા ઉપજાવે છે. કેવળ ઘરકામ અને શણગાર કરવાથી સ્ત્રી નથી બની જવાતુ. તેને પતીનું માલીકીપણું સ્વીકારીને ગમતું કરવાનું છે, રડવાનું છે અને અન્યાય સહન કરવાનો છે.

સ્ત્રીઓ પર આજે પણ છેડતી, બળાત્કાર, અત્યાચાર, શોષણ અને ઘરેલુ હીંસા થતી જોવા મળે છે. ગેસના સીલીન્ડર પણ ફાટે તો તે વહુને જ વાગે છે !

દેશમાં અનેક મહીલા મંડળો છે. તેઓએ તેમની કાર્યશૈલી બદલવાની જરુર છે. મહીલા મંડળોએ ભજન, ધુન, કીર્તન, સત્સંગ, પ્રાર્થના-પુજા, સુશોભન અને શણગારની સ્પર્ધાઓ યોજવામાંથી બહાર નીકળી સ્ત્રી પર થતા અત્યાચાર વીરુદ્ધ લડત ઉપાડે તેની તાતી જરુરીયાત છે. કુપોષણને કારણે કોઈપણ સ્ત્રી કે નવજાત બાળકની મૃત્યુ ન થવું જોઈએ. મહીસાસુર માટેની કથાને સાર્થક કરવા સ્ત્રીઓએ જાતે સશકત બનવું પડશે. સ્ત્રીઓનું ભાવી હાથની રેખાઓ કુંડળીઓ કે વીધાતા ઘડતી નથી. સ્ત્રી શીક્ષણ પ્રત્યે જાગૃતી જરુરી છે.

'અબલા જીવન તુમ્હારી યહી કહાની
આંચલ મેં હૈ દુધ ઔર આંખો મેં પાની.'
-
'દીકરીને ગાય દોરે ત્યાં જાય.'

આ છાપને ભુંસવા માટે કન્યા શીક્ષણ અમોઘ શસ્ત્ર છે. જ્ઞાન-વીજ્ઞાનના દ્વાર શીક્ષણ થકી ખુલશે.

કોમળ હૈ કમજોર નહીં તું, શકતી કા નામ નારી હૈ,
જગ કો જીવન દેનેવાલી મૌતભી તુઝ સે હારી હૈ.

---

**(ચાલુ પાનાં.-૨ નું)**

મંડળના સભ્યો તો ધન્ય ધન્ય થઈ ગયા ! એકવાર ચીત્રાએ આ અંધશ્રદ્ધાને માન્ય થવા દીધી. પછી એમણે એમના સ્થાનનો દુરુપયોગ કરવા માંડયો. ખર્વોના ચાલતા બજારમાં નાની કટકી પણ કરોડોની થાય. દેશના સર્વોચ્ચ બજારમાં એના અધ્યક્ષાએ જ અંધશ્રદ્ધા નામની દુઝણી ગાયને પ્રેમથી દોહી દીધી ! આપણે રેશનાલીસ્ટો વારંવાર-દીવસ ને રાત પોકારી-પોકારીને કહીએ છીએ કે આ શ્રદ્ધા-અંધશ્રદ્ધા કેટલાક બદમાશો માટે મફતનું કમાઈ લેવા માટેનું સાધન-હથીયાર છે. પરીસ્થીતીની કરુણતા એ છે કે બહુ મોટો વર્ગ આપણને સાંભળવા પણ માંગતો નથી ! પરીણામે ચીત્રા જેવી વ્યકતીઓ ટોચના સ્થાન પર પહોંચીને લોકોને લુંટે છે. શરુઆતમાં તો ચીત્રાએ હીમાલયના એ અદશ્ય સાધુની વાત જ દોહરાવ્યા કરી, પરંતુ જેમ જેમ એમની ઉંડી તપાસ થતી ગઈ તેમ તેમ એ અદ્રશ્ય સાધુના સ્થાને કેટલાક બીજા બદમાશો દ્રશ્ય થવા માંડયા છે ! આ બધા ભેગા થઈને તખ્તા પર ચીત્રાને ઉતારીને, પ્રારબ્ધવાદી ખેલાડીઓના માનસને બરાબર ઓળખીને બજારમાંથી કરોડો રુપીયા ઉસેટતા તે હવે બહાર આવવા માંડયું છે. સામાન્ય જન જો શ્રદ્ધા-અંધશ્રદ્ધામાં માનવાનો ઈનકાર કરો તો જ એમનામાંથી ચીત્રા જેવા પાકતા મહીલા ઉંચા સ્થાન પર જતા અટકે. આ અને આવા અનેક દાખલા પોતે જ બોલે છે કે શ્રદ્ધા-અંધશ્રદ્ધા છોડો, અને બદમાશોથી લુંટાતા અટકો. રેશનાલીસ્ટો તો આ બાબત કહ્યા જ કરે છે, પરંતુ બનતા બનાવો જે બોલે છે તેને સાંભળવાની ત્રેવડ તો સામાન્ય નાગરીકે જ કેળવવાની છે.

# ઈશ્વરના અસ્તીત્વનો નકાર

**–હોકીંગની દષ્ટીએ**

મોટા ભાગના વૈજ્ઞાનીકો અને સંશોધકોને ઈશ્વરના અસ્તીત્વ વીશે પુછવામાં આવ્યું છે. આ લોકો શાંતીથી પોતાનાં સંશોધન કરવા માંગે છે. તેઓ સમજે છે કે ઈશ્વર-ખુદા-ગોડ જેવી ફાલતુ વાતોમાં જો એ સપડાઈ જશે અથવા એના નીવેદન થકી વીતંડાવાદ થશે તો એમનાં મુળ સંશોધનને લગતા કામોમાં વીઘ્નો પેદા થશે. એમની સંશોધન પ્રવૃત્તી ખર્ચાળ હોય છે. મોટા ભાગના વૈજ્ઞાનીકો અને સંશોધકો મુફલીસ હોય છે. એમની પાસે જરુરી ભંડોળો હોતા નથી. આથી એમણે રાજય કે સખી શ્રીમંતો પર આધાર રાખવો પડે છે. જો આ ભંડોળો આપનારા ઈશ્વરના અસ્તીત્વમાં માનતા હોય, અને કોઈ વૈજ્ઞાનીક ઈશ્વરના અસ્તીત્વનો જાહેરમાં ઈનકાર કરે તો એમને ભંડોળો મળતા બંધ થઈ જાય. આથી એમને જયારે ગોડના અસ્તીત્વ અંગે સવાલો કરવામાં આવ્યા ત્યારે મોટા ભાગનાએ ગોળગોળ જવાબ આપ્યા.આઈનસ્ટાઈન જેવા આઈનસ્ટાઈનના 'ભગવાન કુકી રમતો નથી' ના નીવેદનને આસ્તીકો પોતાની તરફેણના અભીપ્રાય તરીકે ટાંકે જ છે ને ! આમાંના હોકીંગ નહોતા.એમણે સ્પષ્ટ અભીપ્રાય આપ્યો છે કે અપાર્થીવ તત્ત્વ જેવું કશું નથી. આથી જ તો આસ્તીક શ્રીમંતો અને સત્તાવાળા એમના કામકાજમાં હોકીંગને ઓછું મહત્વ આપે છે.

એમણે સ્પષ્ટ જણાવ્યું છે કે, 'હું તો ઈશ્વરના અભાવના બહેતર અને વધારે સંગીન પુરાવા આપું છે, છતાં લોકો ધર્મને ચોંટી રહ્યા છે. તેઓ એમ માને છે કે એમ ચોંટી રહેવાથી એમને વધારે આશાયેશ મળે છે. તેઓ આ પ્રમાણે વર્તે છે. તેથી નુકસાન એ થાય છે કે તેઓ વીજ્ઞાન પર ભરોસો નથી રાખતા, એને સમજવા પણ માંગતા નથી.

'તમને જો ગમતું હોય તો ભલે કહો કે કુદરતના બધા નીયમો ખુદાએ જ બનાવ્યા છે, પરંતુ વાસ્તવીકતા એ છે કે ગોડની અસંખ્ય વાતો જ છે, તે હોવાના પુરાવા તો નથી જ.' આ સંદર્ભે એમણે આગળ વધીને કહ્યું કે, 'સચરાચર પણ એક યંત્ર જેવું છે. એ ચોકકસ નીયમો થકી ચાલે છે. માણસ આ નીયમોને સમજી શકે છે. માણસે આ નીયમો સમજવા માંડયા છે, જે સ્પષ્ટ રીતે પુરવાર કરે છે કે સચરાચર અને તેના નીયમો બનાવનાર કોઈ અપાર્થીવ તત્ત્વ નથી, નથી ને નથી જ. માણસનું એવું છે ને કે એ અપાર્થીવ તત્ત્વના માપદંડ થકી બધા તત્ત્વોની કલ્પના કરે છે. હકીકતો તપાસીએ તો ઘણીવાર એનાથી તદ્‌ન જુદુ જ અને કેટલીકવાર ઉલટુ જ જાણવા મળે છે. મોટા ભાગના જે ઈશ્વરો છે તે જાણે માણસ હોય તેવા કલ્પવામાં આવ્યા છે. હોકીંગ કહે છે, 'સચરાચર તો ખુબ વીશાળ છે. એમાં માનવ-

જીંદગીનું કોઈ મહત્ત્વ જ નથી. માનવ-જીંદગી પોતે જ એક આકસ્મીક ઘટના છે. સચરાચરની વીશાળતા જોતા એને રચનારા આવા મગતરા જેવા માણસના લક્ષણો ધરાવતા ઈશ્વર-ખુદાઓ હોઈ શકે જ નહીં.' હોકીંગ આથી જ આગળ વધીને કહે છે કે, 'વીજ્ઞાન એ પુરવાર કરવા પર છે કે સચરાચર શુન્યાવકાશમાંથી આપોઆપ પેદા થયું છે.' હોકીંગ આ સંદર્ભે જણાવે છે કે, પદાર્થ (matter), ઉર્જા (energy) અને અવકાશ (space)-આ ત્રણેએ ભેગા થઈને સચરાચરને બનાવવા-વીકસાવવામાં ફાળો આપ્યો. એમા કશે ભગવાન નથી. આ ત્રણ પૈકી પદાર્થ તો ઉર્જામાં રુપાંતર થતો હોય છે. આથી સચરાચરની રચનામાં અંતે તો બે જ તત્ત્વો છે. (૧) ઉર્જા અને (૨) અવકાશ. આ બન્ને સ્વયંભુ પ્રગટયા કે જેને હવે 'બીગ બેન્ગ'થી ઓળખવામાં આવે છે. ધ્યાનમાં રાખો કે 'બીગ બેન્ગ' પહેલા શું હતું ? સવાલ અસ્થાને છે. 'બીગ બેન્ગ' પહેલા 'મા' પહેલા શબ્દ સમય સુચવે છે, જે હતો જ નહીં. 'બીગ બેન્ગ'થી જેટલી ધન (+) ઉર્જા પેદા થઈ હતી. એટલી જ રુણ (-) ઉર્જા પેદા થઈ હતી. આથી બીગ બેન્ગ થકી સરવાળે શુન્ય ઉર્જા પેદા થઈ હતી. 'બીગ બેન્ગ' થકી ધન અને રુણ ઉર્જા છુટી પડી. હોકીંગ કહે છે કે, 'જો સમગ્ર સચરાચરની બન્ને પ્રકારની ઉર્જા ભેગી કરીએ તો શુન્ય જ સરવાળો આવતો હોય તો કોઈ અપાર્થીવ તત્વે કશું ધન આ પૃથ્વી, આ ચાંદ, આ ગ્રહો બનાવ્યા એવો દાવો કરી શકાતો જ નથી. કશું જ સર્જન નહીં કરવા માટે સર્જનહારની જરુર જ નથી !' આમ, હોકીંગ વૈજ્ઞાનીક પુરાવા સાથે ઈશ્વર-ખુદા-ગોડનો છેદ ઉડાડી મુકે છે. વીજ્ઞાનનાં સંશોધનોનો સતત ગેરલાભ ઉઠાવનારા પોતે જાણે મહાન વૈજ્ઞાનીક હોય તેમ હોકીંગના આ વીધાન સામે વળતો પ્રહાર કરે છે : તો 'બીગ બેન્ગ' કોણે કર્યો ? ઉંડા સંશોધનો પછી શોધી શકાયું છે કે પ્રોટોન નામનું તત્ત્વ છે જે થકી જરુર નથી પડી કોઈ ઉર્જાની કે જરુર નથી પડી કોઈ અપાર્થીવ તત્ત્વની. આમ હકીકતો અને દલીલોમાં સતત પીછેહઠ કરતા ધાર્મીક ઠેકેદારો છેલ્લે જયારે 'બીગ બેન્ગ'ના સર્જન માટે ખુદા-ભગવાન-ગોડને ઠોકી બેસાડવા માંગતા હતા તે પણ શકય બનતું નથી.

આમ હોકીંગ એક એવા વૈજ્ઞાનીક છે કે જેણે પોતે માને છે એટલે બીજાએ માનવું જોઈએ એવા અવૈજ્ઞાનીક આગ્રહ હેઠળ નહીં, પરંતુ પ્રતીતીકારક પુરાવા આપીને વીશ્વની પ્રજાને સંદેશો આપી ગયા છે કે આ ખુદા-ગોડ-ભગવાનમાંથી છુટો. વૈજ્ઞાનીક અભીગમ અપનાવો. આ જ સંદર્ભે 'સત્યાન્વેષણ' ના ૧૫-૧-૨૨ ના અંકમાં 'જેમ્સ વેબ એસ' ટેલીસ્કોપ કે જે 'બીગ બેન્ગ'ના સમયે છુટેલી બન્ને પ્રકારની ઉર્જા પકડવા અવકાશમાં ગયું છે, તે જો સફળ થાય તો હોકીંગના બ્લેક હોલા ના સીદ્ધાંતને હમણાં દસ્તાવેજી સમર્થન મળ્યું તેમ 'બીગ બેન્ગ'ને પણ મળશે.

# આસ્થાને તોડવાની આવશ્યકતા છે

**–એન. વી. ચાવડા**

એ બાબત એકદમ સ્પષ્ટ છે કે આસ્થા એ સત્ય નથી. એ સંજોગોમાં બે પ્રશ્ન ઉપસ્થીત થાય છે. એક એ કે આસ્થા અને સત્ય એ બેમાં વધારે કીંમતી કોણ છે ? આસ્થા કે સત્ય ? બીજો પ્રશ્ન એ છે કે માણસ માટે આસ્થા કલ્યાણકારી હોઈ શકે કે સત્ય ?

આપણે ઈચ્છીએ છીએ કે આપણને કોઈના દ્વારા અન્યાય થવો જોઈએ નહી. એ સંજોગોમાં આપણે પણ કોઈને અન્યાય કરી શકીએ નહીં. અર્થાત્ આપણે ન્યાય ઈચ્છીએ છીએ. ત્યારે પ્રશ્ન એ ઉપસ્થીત થાય છે કે આપણે ન્યાય શેને આધારે કરીએ છીએ ? આસ્થાને આધારે કે સત્યને આધારે ? અલબત્ત ન્યાયનું મુળ અથવા ન્યાયનો આધાર સત્ય છે. જયાં સત્ય નથી ત્યાં ન્યાય નથી. અર્થાત્ આસ્થાને આધારે જો કયાંય ન્યાય આપવામાં આવે તો એ ન્યાય, ન્યાય નથી હોતો, પરંતુ તેમાં અન્યાય હોય છે. અર્થાત્ આસ્થા અન્યાયનું મૂળ છે, યા આસ્થા અન્યાયનો આધાર છે.

વાસ્તવીકતા એ છે કે આસ્થામાં સત્ય નથી હોતું. તેથી આસ્થા એ અન્ધશ્રદ્ધા યા અજ્ઞાન છે. આપણે જો ન્યાય ચાહતા હોઈએ તો આપણે કોઈને અન્યાય ન કરી શકીએ. અને આપણે જો કોઈને અન્યાય ન કરવો હોય તો સત્યને અનુસરવું જોઈએ. આસ્થાને અનુસરીને આપણે કોઈને ન્યાય કરી શકીએ જ નહીં. ન્યાય વીના આપણે કદી સાચી અને કાયમી શાંતી, નીર્ભયતા અને સલામતી પ્રાપ્ત કરી શકતા નથી કારણ કે જેને આપણે અન્યાય કર્યો હોય તેના તરફથી ન્યાય પ્રાપ્ત કરવાના હુમલાની આપણા ઉપર કાયમ શકયતા રહે છે. તેથી જયાં અન્યાય હોય છે ત્યાં કદી સુશાસન સ્થાપી શકાતું નથી કારણ કે અન્યાયગ્રસ્તો, વંચીતો, અભાવગ્રસ્તોનો કાયમી ઉપદ્રવ ચાલતો રહે છે. જેમાં નીર્દોષોનો કાયમ ભોગ લેવાતો રહે છે. તેથી દેશમાં સુશાસન માટે સમાજની આસ્થા તોડવાની આવશ્યકતા છે.

---

**ધર્મસ્થાનોમાં પ્રવાસોમાં કશી સીદ્ધી નથી**
**તું ભીતરનો થા પ્રવાસી, ત્યાં કશી ગીરદી નથી**

-સુનીલ શાહ

# વૈજ્ઞાનીક અભીગમ

**–અશ્વીન ન. કારીઆ**

(અશ્વીનભાઈએ લખેલ 'વૈજ્ઞાનીક અભીગમ' પુસ્તીકામાં સામાન્ય જનને વૈજ્ઞાનીક અભીગમની સંકલ્પના સમજવામાં ખુબ મદદગાર બને એમ છે. એ વાંચીને રેશનાલીસ્ટો પણ વૈજ્ઞાનીક અભીગમની પોતાની સંકલ્પના વધારે સ્પષ્ટ કરી શકે એમ છે. બનાસકાંઠા જીલ્લા અંધશ્રદ્ધા નીર્મુલન સમીતીએ એનું (મો-૯૪૨૬૬ ૬૩૮૨૧-રૂા.-૮૦/-) પ્રકાશન કર્યું છે.)

**કેટલાંક અવતરણો**

એમાં બે મત નથી કે આપણી ધાર્મીકતા એક વળગણ અને ઘેલછા સ્વરુપની છે. આપણી ધાર્મીકતા 'સાપ ગયા અને લીસોટા રહ્યા' જેવી છે. ગીતામાં એક શ્લોક આવે છે. 'વીધારંભે ગુરુ શ્રેષ્ઠં' આ શ્લોકનું અનુસરણ આંખો મીંચીને શાળા-કોલેજોમાં થાય છે. શીક્ષણ કાર્ય શરુ કરવા માટે ગુરુવાર જ પસંદ કરવામાં આવે છે. કોઈપણ કામ પ્રારંભ કરવા માટે કોઈ વાર કેવી રીતે શ્રેષ્ઠ ભુમીકા ભજવી શકે તે સમજી શકાતું નથી. પોતાની અંગ કસરતથી મનોરંજન કરીને પેટીયુ રળતા નટના ૪-૫, ૧૦-૧૨ વર્ષનાં નાનાં બાળ, જાદુના ખેલોથી ગુજારો કરતા વાદીના કુટુંબો આ રીતે ગુરુવારની રાહ જોતા નથી. આ શ્લોકનું અર્થઘટન ખોટું થઈ રહ્યું છે. આ શ્લોકનો કહેવાનો મતલબ એ છે કે વીધા શીખવા માટે શ્રેષ્ઠ ગુરુ (નહીં કે ગુરુ નામનો વાર) ની પસંદગી કરવી જોઈએ. કોઈ કાળેય ગીતાના રચયીતા વેદ વ્યાસે વીધા પ્રારંભ માટે વારની તરફેણ કરી નહીં હોય.

* * *

ધર્મનો ખરેખર ફરજ અર્થ થાય છે. એન્જીન ડ્રાઈવર સલામત રીતે ટ્રેન ચલાવે તે તેનો ધર્મ છે. સફાઈ કામદાર રસ્તાની બરાબર સફાઈ કરે તે તેનો ધર્મ છે. એસ.ટી.નો કંડકટર કટકી કર્યા વગર પ્રવાસીને ટીકીટ કાપી આપે તે તેનો ધર્મ છે. શીક્ષક વર્ગ ખંડમાં પોતાના વીધાર્થી કાળ દરમ્યાન ઉતારેલી નોટોનો સહારો લીધા વીના વીકાસલક્ષી શીક્ષણ આપે તે તેનો ધર્મ-ફરજ છે. વાચકોને યાદ હશે કે ૨૦૦૨નાં રમખાણો બાદ ૪ એપ્રીલ, ૨૦૦૨ ના રોજ તત્કાલીન વડાપ્રધાન બાજપેયીએ રાજ્ય મુખ્યમંત્રી મોદીને રાજધર્મ અનુસરવાની શીખ આપી હતી. ધર્મ એટલે ભકતી, માળા-પુજા-પાઠ, દેવદર્શન નહીં. વ્યકતી પોતાની માન્યતા પ્રમાણે પોતાનો આ અધીકાર ભોગવે તે બરાબર છે, પરંતુ તેમાંય કેટલો દંભ પ્રગટ થાય છે તે જોવા જેવું છે. મોટા ભાગના દુકાનદારો દુકાન ખોલી, પોતાના

દેવ-દેવીને દીવો, અગરબત્તી કર્યા પછી, નમન કરીને ધંધા પર બેસે છે. પણ ધંધો શરુ કરતા વેંત જ અસત્યનું ઉચ્ચારણ (ગ્રાહક સાથે છેતરપીંડી), માલમાં ભેળસેળ, અછત હોય તો રાતોરાત ભાવવધારો, માલની કૃત્રીમ તંગી અથવા સંગ્રહ, નકલી માલ પધરાવવો વગેરે, ચાલુ થઈ જ જાય છે. દુકાનનું નામ ગાયત્રી કીરાણા ભંડાર કે શીવશકતી પ્રોવીઝન સ્ટોર કે ચામુંડા ખમણ હાઉસ હોય !

દુકાનદારની જેમ સરકારી કર્મચારીઓ પોતાના દેવ-દેવીની છબી ટેબલ પરના કાચ હેઠળ રાખી મુકતા હોય છે. પોતાના સમયે (એટલે કે કચેરી સમયથી મોટાભાગે મોડા જ) આવીને તસવીરને નમન કર્યા બાદ જ ફાઈલને હસ્તસ્પર્શ થાય છે, છતાં કાયદાના નીયમાનુસાર કે નીતીમત્તાના ધોરણો પ્રમાણે સચીવાલયમાં ભાગ્યે જ કોઈ કારકુન કામ કરતો નજરે દેખાય છે. કામચોરી, બહાનાબાજી, કચેરીના ચાલુ સમય દરમ્યાન બહાર આંટા-ફેરા કરવા, અરજદારોને વીના કારણે ધક્કા ખવરાવવા, પોતાને જે કામ માટે પગાર મળતો હોય તે માટે લાંચ-રુશ્વત લેવી લગેરે રોજીંદુ અને સામાન્ય થઈ પડયું છે.

* * *

વર્તમાન રાજકીય, ધાર્મીક કે કોમી રમખાણો પાછળ નેતાઓનો સ્વાર્થ કામ કરે છે. જાણીતા શાયર શ્રી મુસાફીર પાલનપુરી એ રાજકીય નેતાઓની આ મેલી મુરાદ પર કટાક્ષ કરતી કાવ્યપંકતીઓ રચી છે :

**પ્રથમ તો આગ ચાંપીશુ અમે લોકોની પ્રીતીમાં**
**નીરાંતે જઈને બેસીશું પછી શાંતી સમીતીમાં**
**અમે નેતા છીએ અને શ્રેય અમારું છે એમાં**
**પ્રજા સપડાયેલી હો કોઈપણ એક ભીતીમાં**

કોમી-ધાર્મીક રમખાણો બાબતે પણ તેમનો એક શેર છે :

**પુછ નહીં એ કયારે થાય**
**વારે ને તહેવારે થાય**
**કોમી તોફાનોનું તાંડવ**
**નેતા ધારે ત્યારે થાય.**

કવી મેઘબીંદુએ આ વીચારને પોતાના એક કાવ્યમાં સુંદર રીતે વ્યકત કરેલ છે.

**કોણ ભલાને પુછે છે કોણ બુરાને પુછે છે ?**
**મતલબથી બધાને નીસ્બત છે અહીં કોણ ખરાને પુછે છે ?**

**અત્તરને નીચોવી કોણ પછી ફુલોની દશાને પૂછે છે ?**
**સંજોગ ઝુકાવે છે, નહીંતર અહીં કોણ ખુદાને પુછે છે ?**

**અંધશ્રદ્ધા :**

અંધશ્રદ્ધા એટલે પુરાવા વગરની માન્યતા અને પુરાવો સામે હોવા છતાં તે બાબત સત્ય તરીકે સ્વીકારવાનો ઈન્કાર.

વોલ્ટરે યોગ્ય રીતે જ કહ્યું છે 'જ્યારે ઠગ મુર્ખાઓને મળે છે ત્યારે ચમત્કારો સર્જાય છે, સંપ્રદાયો સ્થાપાય છે અને દેવ-દેવીઓનો જન્મ થાય છે. યુદ્ધમાં વીજેતાઓ દ્વારા લાદવામાં આવતા નીતીમત્તાના ધોરણો પવીત્ર ગણાવા લાગ્યા. પાદરીઓ અને સાધુઓ આ ધોરણોના વાહકો બન્યા અને નીતીમત્તાના અમલ માટે આ પાદરીઓએ સૈનીકો તરીકેની ભુમીકા અદા કરી. તેમનાં ખોટાં અને અતાર્કીક અર્થઘટનો અંધશ્રદ્ધાયુકત વ્યવહારોનું મુળ કારણ છે. પેઢી દર પેઢી લાખો વખત અસત્યનું ઉચ્ચારણ શાશ્વત અને અપરીવર્તનશીલ સત્ય બની જાય છે. જ્યાં સુધી નીતીમત્તાને ધર્મથી મુકત કરવામાં નહીં આવે ત્યાં સુધી તેનું માનવીય મુલ્ય સ્થપાશે  નહીં.બીનસાંપ્રદાયીકતા કોઈ રાજકીય ખ્યાલ નથી. સ્વસ્થ માનવ સમાજ માટે બીનસાંપ્રદાયીક સમાજ હોવાનું આવશ્યક છે.'

* * *

જે અજ્ઞાન છે, ભણતર લીધું નથી તે ન સમજી શકે તે મગજમાં ઉતરે એવું છે, પરંતુ એમ.એસ.કે. એમ.ડી. થયા પછી પણ અંધશ્રદ્ધા ? ભણતરને લજવ્યું કહેવાય. ગણતર કરવાનું શીખ્યા નથી. ધર્મના નામે ધંધા કરનારા લોકો તો આવા ક્રીયાકાંડોને ધર્મમાં ખપાવે, પરંતુ રાજસત્તા જયારે તેને ધર્મમાં ખપાવે ત્યારે હદ થઈ ગઈ કહેવાય. અથર્વવેદના કર્તા અથવા રુષી અને તેમના શીષ્યોએ યજ્ઞો વીરુદ્ધ આંદોલન ચલાવેલું. અથર્વવેદમાં યજ્ઞોની નીષ્ફળતા અને પોકળતા દર્શાવવામાં આવી છે. તેથી જ પુરોહીતોએ અથર્વવેદનો બહીષ્કાર કરેલો. માત્ર ત્રણ વેદો જ ભણાવવામાં આવતા અને તે માટે 'વેદત્રયી' શબ્દ પ્રચલીત હતો. વેદત્રયી = ત્રણવેદ. (ઋગ્, સામ્, યજુ.)

* * *

અંગ્રેજ ફીલોસોફર બટ્રાંડ રસેલ કહેતા હતા કે 'માણસની ખાસીયત છે કે તે તેની તીવ્ર લાગણીને અનુરુપ શ્રદ્ધા પેદા કરી લે છે. એક ક્રુર માણસ ક્રુર ઈશ્વરમાં માનતો હોય છે, અને ક્રુરતા ફેલાવવા તે તેની શ્રદ્ધાનો ઉપયોગ કરતો હોય છે. માત્ર ધર્મ જ નહીં તેના આધારે જે બીજી ઓળખ કે વાડા  ઉભા થયા છે તે પણ હીંસામાં જ પરીણમ્યા છે. આપણો પહેલો ઈશ્વર 'શ્રદ્ધા' હતો અને શ્રદ્ધામાંથી જ કોઈક ભારતીય બન્યો, કોઈક મુસ્લીમ બન્યો,

કોઈક યહુદી બન્યો અથવા કોઈક યુરોપીયન બન્યો. આ ઓળખ, આ વાડાબંધી જ હીંસાત્મક છે.

* * *

જો બાળકોને ઉંડાણમાં પુછવામાં આવે તો આપણે કલ્પના ન કરી શકીએ તેવી અંધશ્રદ્ધાઓ અને અંધવીશ્વાસો તેમની પાસેથી જાણવા મળે છે. આવા અંધવીશ્વાસોમાં ખાસ કરીને સોગંદ લેવાનો, માનતા માનવાનો સમાવેશ થાય છે. સોગંદ આપી બીજા બાળક પાસેથી ગમે તેવું કામ કરાવી લેવું. બીજી ક્રીયાઓ જેવી કે બીજા બાળક ઉપરથી કુદી જવું અને આમ કરવાથી જે તે બાળકની ઉંચાઈમાં વધારો નહીં થાય, વગેરે.

આવી અંધશ્રદ્ધાઓ કે અંધવીશ્વાસનું કોઈ બાળકમાં વધારે પડતું પ્રમાણ નીચેનાં કેટલાક કારણોને આધીન છે.

૧. બાળકમાં સતત ડર અને ભયની લાગણી (સ્કુલ, શીક્ષક કે મા-બાપ)

૨. ઘરનું તણાવગ્રસ્ત વાતાવરણ (મા-બાપ, વડીલોનો ડર, નશાગ્રસ્ત મા-બાપ, કૌટુંબીક ઝઘડો, વગેરે.)

૩. નાની વયે બાળમાનસને ઈજા (દા. ત. મા-બાપ અથવા નજીકના સંબંધીનું મોત, અનાથ બાળક વગેરે)

૪. બાળકના ઉછેરમાં ખામી (બાળકના સારા વર્તન, સારા વીચારો અને સારી માન્યતાઓને પ્રોત્સાહીત કરવી અને ખરાબ વર્તન વીચાર કે માન્યતાને દુર કરવી.)

અંધશ્રદ્ધામાં માનતાં મા-બાપ, વડીલો પાસેથી બાળક આવી અંધશ્રદ્ધાઓ શીખે છે જેમાં નીચેનાં કારણો હોય છે :

૧. બાળકોમાં આત્મવીશ્વાસ અને આત્મશ્રદ્ધાનો અભાવ.

૨. બાળકમાં જ્ઞાનનો અભાવ.

૩. બાળકમાં વૈજ્ઞાનીક દ્રષ્ટીકોણનો અભાવ.

૪. બાળક માને છે કે પોતે નીરર્થક છે, અને અમુક મુશ્કેલી દુર કરવાને કાબેલ નથી તેથી આવા અંધવીશ્વાસનો સહારો લે છે.

૫. બાળક કોઈ પણ મુશ્કેલી માટે પોતાની રીતે વીચારતું નથી. તેથી બીજાનાં આવા અંધવીચાર ગ્રહીત કરી લે છે.

૬. ધર્મ, ઈશ્વર, પંથ, વગેરેનું વધુ પડતું અનુસરણ. સામાન્ય રીતે મોટાભાગના આવા ધર્મગુરુઓ સમાજ અને માણસને અવળા માર્ગે દોરવાથી કરતા હોય છે. લોકોને પોતાની માન્યતા કે અંધશ્રદ્ધાઓ આપતા હોય છે, અને સમાજ (માણસને) તેમની વીચારસરણીના ગુલામ બનાવે છે.

* * *

આ રીતે કેટલીક વાર કેટલાક ધર્મગુરુઓ, રાજકારણીઓ સાથે મળી પોતાનું અનુશાસન ચલાવે છે અને લોકોની હાલત ખરાબ હોવા છતાં તેમને સમૃદ્ધ હોવાના ખોટા ભ્રમમાં રાખે છે. જો સત્ય એક જ હોય તો એક જ સત્યને કહેવા જુદા જુદા ધર્મોની જરુર કયાં છે ?  વીજ્ઞાનમાં હંમેશાં એક જ સત્ય હોય છે. આવી અંધશ્રદ્ધાઓ નાબુદ કરવા શું કરવું જોઈએ ? તેના કેટલાક ઉપાય છે ?

૧. હંમેશાં આત્મનીરીક્ષણ કરો.

૨. વીજ્ઞાનનો વધુને ને વધુ અભ્યાસ કરો અને તે મુજબ કોઈ પણ પ્રશ્નનો વૈજ્ઞાનીક અભીગમથી નીકાલ કરવા કોશીશ કરો. અંધશ્રદ્ધાનો સહારો ન લો.

૩.  અંધશ્રદ્ધાનો પાયો અને તેના વીકાસના કારણો જણો તો તમને સમજાઈ શકે કે તે બીલકુલ મીથ્યા છે.

૪. તમે જે દેખો છો અથવા અનુભવો છો તેમાં માનો. બીજા કહે છે, માટે નહીં.

૫.  મુશ્કેલી કે તકલીફનાં કારણો જાણી તેને વૈજ્ઞાનીક ઢબે દુર કરવા પ્રયત્ન કરો. અંધશ્રદ્ધા કે જયોતીષનો સહારો ન લો.

૬. પોતાનામાં આત્મવીશ્વાસ જાગૃત કરો. બીજાના વીચારો કે પરચાના ગુલામ ન બનો.

(રખેવાળ, તા. ૧૮-૦૬-૦૭) - ડો. પ્રવીણ બી. પટેલ, પાલનપુર. (માનસીક રોગ નીષ્ણાત)

---

## સત્યશોધક સભાનાં પ્રકાશનો

| | |
|---|---|
| (૧) વીજ્ઞાન અને અલૌકીક ઘટનાઓ રૂા. ૫૦ | - ડો. બી. એ. પરીખ |
| (૨) ચમત્કારોની ભીતરમાં રૂા. ૩૦ | - સીદ્ધાર્થ દેગામી |
| (૩) નવા વહેમો : વાસ્તુશાસ્ત્ર અને ફેંગશુઈ રૂા. ૩૦ | - ડો. બી. એ. પરીખ |
| (૪) આપણો માંદો સમાજ રૂા. ૩૦ | - સુર્યકાન્ત શાહ |
| (૫) લગ્ન પહેલા અને પછી (બીજી આવૃત્તી) રૂા. ૩૫ | -ડો. બી. એ. પરીખ |
| (૬) ડાર્વીનનો ઉત્ક્રાંતીવાદ : માનવીનું અવતરણ રૂા. ૩૫ | -ડો. બી. એ. પરીખ |
| (૭) જ્યોતીષ વીજ્ઞાન નહીં, મીથ્યા કલ્પના રૂ. ૩૦ | -ડો. બી. એ. પરીખ |
| (૮) જૈનોનું તર્કશુદ્ધ અજ્ઞાન રૂા. ૩૦/- | -સુર્યકાન્ત શાહ |

**મેળવવા માટે મ. ઓ. કરો.**

# સોશ્યલ ડાઈલેમા (સામાજીક દ્વીધા)

–આર. કે. દેસાઈ

મો.–૯૯૦૯૯ ૭૯૩૩૨

સત્યશોધક સભાના મેગેઝીનમાં ૨૦૨૦માં રજુ થયેલ એક દસ્તાવેજી નાટક ફીલ્મ અંગે નીબંધની સુસંગતતા ઘણાં વાંચકો કદાચ પડકારશે, પરંતુ નેટફલીક્ષની આ હીન્દી ભાષામાં પણ ઉપલબ્ધ દોઢ કલાકની 'સોસ્યલ ડાઈલેમા' ફીલ્મ અવશ્ય નીહાળવાનો હું આગ્રહ કરું છું.

ક્ષીતીજ પર ઉભરી રહેલી આવતીકાલ અંગેની વાસ્તવીકતા કે જે સત્ય અને અસત્ય વચ્ચેની ભેદરેખા ભુંસી નાખવાનો ક્ષમતા ધરાવે છે તેનુ નીરુપણ આપણને હચમચાવી જાય તેવું છે.

સોશ્યલ મીડીયાની વધતી વગને કારણે ઘણી સરકારો, વીશ્વવ્યાપી મહાકાય સોશ્યલ મીડીયાની કંપનીઓ પર નીયંત્રણ લાદવા વીચારી રહી છે. પણ વીટંબણા એ છે કે જગતની મોટે ભાગની સરકારો જ આ કંપનીઓની પેદાશોની સૌથી મોટી ગ્રાહકો પણ છે. કોટામ-કોટી માનવ સમુદાયની તલસ્પર્શી માહીતી એકત્રીત કરી, તેનો સુવ્યવસ્થીતપણે સંચય કરી, તેમાંથી નીર્ધારીત તારણો પ્રાપ્ત કરી, આ સમુદાયના હરેકને વ્યકતીગતપણે કઈ રીતે પ્રભાવીત કરી શકાય તે આ કંપનીઓની મુળ પ્રવૃત્તી અને ઉપજ છે. કમ્પ્યુટરમાં એકત્રીત કરાયેલી વીશાળ માહીતીમાંથી તારણો કાઢવા માટેના સંકુલ નીયમોથી મળે એટલાં તારણો ઉત્તરોત્તર સચોટ બનતા જાય છે. 4G અને 5G ટેકનોલોજી આ પ્રક્રીયાને સફળ બનાવવામાં વધુ ને વધુ મદદગાર થતી જાય છે. ચીન તેમાં વધુ અગ્રેસર અને વધુ માહીર છે. શીનજયાંગ યુગ્વોર પ્રદેશમાં તે વર્ષોથી સંપુર્ણ વસ્તી પર જાપતો રાખે છે, અને એકપક્ષીય રાજ હોવાથી વીરોધ કરનાર કોઈ નથી. બ્રીટનમાં બ્રેકઝીટ લોકમત દરમ્યાન અને યુ.એસ.ના ટ્રમ્પ-હીલેરી ચુનાવ દરમ્યાન આ ટેકનોલોજીનો મોટે પાયે દુરુપયોગ થયો હતો. ડ્રાઈવરવીહોણી કાર, રોગનીદાન, ભૌતીકશાસ્ત્રના અને ખગોળશાસ્ત્રનાં સંશોધનો જેવાં અનેક ક્ષેત્રોમાં તેનો ઉપયોગ હકારાત્મક પરીણામો મેળવી રહયાં છે.

આ મહાકાય સોશ્યલ મીડીયા કંપનીઓની યોજનાઓ મહત્તમ નફો રળવાના ઉદ્દેશથી લોકોને બંધાણી બનાવી તેમનાં અભીપ્રાય, લાગણી અને વર્તણુક સાથે ચાલાકીપુર્વક ખીલવાડ કરે છે. ષડયંત્ર આચર્યાની અફવાઓ વહેતી કરે છે અને જુઠાણાં ફેલાવે છે. આ ફીલ્મ સોશ્યલ મીડીયા ખાસ કરીને કીશોરોની માનસીક તંદુરસ્તી પરની અસરો અને

વધતા આપઘાતના દરોને પણ તપાસે છે. ફીલ્મ ગુગલ,  ફેઈસબુક, ટવીટર, મોરઝીલા જેવી મહાકાય સોશ્યલ મીડીયા કંપનીઓના માજી ઉચ્ચ અધીકારીઓ સાથેંના ઈન્ટરવ્યુ દર્શાવે છે. આ ઈન્ટરવ્યુ આ મહાકાય સોશ્યલ મીડીયા કંપનીઓની પ્રવૃત્તીને કારણે હાનીકારક સામાજીક, રાજકીય અને સાંસ્કૃતીક સમસ્યાઓ સર્જાય છે તે પ્રતી આપણને અંગુલીનીર્દેશ કરે છે. આ કંપનીઓ ઘણા હકારાત્મક સામાજીક પરીવર્તનો પણ જરુર લાવે છે. આ ફીલ્મને રજુ થયાના પ્રથમ ૪ સપ્તાહમાં ૩.૮ કરોડ પ્રેક્ષકોએ એને નીહાળી છે. ફીલ્મમાં માનસશાસ્ત્રીય ઓજારો લઈ અઢળક માહીતી એકત્રીત કરી તેને તોડજોડ કરી સોશ્યલ મીડીયા કંપનીઓ લોકોને કઈ રીતે બંધાણી બનાવે છે, હતાશા વધારે છે અને કીશોરો અને કુમળી ઉંમરના લોકોમાં  આપઘાતના પ્રમાણમાં વીદ્યુતવેગી વધારો કરાવે છે તે નીર્દેશાયુ છે. કૃત્રીમ પ્રજ્ઞા (Artificial Intelligence) નો ઉપયોગ કરી ફેક ન્યુઝ કઈ રીતે ફેલાવાય છે તેની વાસ્તવીક પરીસ્થીતી દર્શાવી છે. સોશ્યલ મીડીયાની ઘાતક અને દુષ્ટ અસરો તેઓનું એક અવયવ છે. એ કંઈ રહી જવા પામેલો ખોડ માત્ર નથી. તેમાંથી ઉદભવતો જાપ્તો, લત અને ધ્રુવીકરણ આડઅસર નથી, પણ સરકારો અથવા શકતીશાળીને વેચવા માટેનું એક આગવું સોપાન છે. આત્મસન્માન અને લોકશાહી વીભાવનાને ઠેસ પહોચાડતા મુડીવાદનું આ એક નવતર સ્વરુપ છે જે કરોડો લોકોની તલસ્પર્શી માહીતી એકઠી કરે છે, અને મહાકાય કોમ્પ્યુટર નેટવર્ક અને કૃત્રીમ પ્રજ્ઞાના ઉપયોગ વડે તે અમુક સરકારો કે સરમુખત્યાર કે વ્યકતીસમુહોને તેમના ઉદેશોને અંજામ આપવાના હેતુથી આ ક્ષમતા વેચે છે. સોશ્યલ મીડીયાની રચનામાં જ બંધાણી બનાવી વર્તણુકમાં પુર્વનીર્ધારીત દીશા પ્રતી વાળવા માટેની જોગવાઈ છે.  તમારું ધ્યાન આકર્ષીત કરવામાં વધુ કાર્યક્ષમ અલગોરીધમમાં રોજે રોજ પ્રગતી થતી રહે છે. આ ઉભરતી પરીસ્થીતીમાં વીલન કોઈ નથી જેથી તમે તેની બરોબર ઓળખ મેળવી શકો અને તેનો નાશ કરી શકો કે તેને નાથી શકો ! સમસ્યા છે એ ઘણા જાણતા થયા છે પણ સમાધાન શું હોઈ શકે તે અંગે કોઈ ચોકકસ દીશા હજુ પ્રાપ્ત થઈ નથી. યંત્રો એટલા બધા વીશાળ, શાણા અને સ્વયંસંચાલીત બની ગયા છે અને હર દીન વધુ બનતા  જાય છે કે ગુગલના કે ફેઈસબુકના સુકાનીઓ પણ તેમના કાર્યમાં હસ્તક્ષેપ ન કરી શકે ! ફ્રેન્કેસ્ટાઈનનો આવીષ્કાર થઈ ચુકયો છે. આપણી નજર હેઠળ જ તે વધુ ને વધુ બળવાન પણ થઈ રહયો છે. જો તેને સર્વવીનાશ આચરવા સુચના આપી દેવાય તો આજે કદાચ તેને રોકી શકવાની અવસ્થા છે, પણ સ્વયંસંચાલીત માત્ર મોટરકાર જ નહી પરંતુ શસ્ત્રો પણ થઈ રહ્યા છે.

# સત્યશોધક સભાના સત્યશોધન માટેના પ્રયત્નો

## વીવીધ સંસ્થાઓમાં વીજ્ઞાન દીનની ઉજવણી

**જીલ્લા લોક વીજ્ઞાન કેન્દ્ર :** સુરત દ્વારા અને સત્યશોધક સભા દ્વારા રાષ્ટ્રીય વીજ્ઞાન દીવસ-૨૦૨૨ની ઉજવણી અંતર્ગત વીશ્વભારતી ઈન્ટરનેશનલ ગર્લ્સ શાળામાં વીવીધ



કાર્યક્રમો લેકચર્સ/ઓવરનેસ/સ્પર્ધા યોજવામાં આવી.

૨૮ ફેબ્રુઆરીએ આપણા મહાન વૈજ્ઞાનીક ડો. સી. વી. રામને સંશોધનક્ષેત્રે કરેલ મહાન પ્રદાન બદલ નોબલ પારીતોષીત મળેલ. તેના સન્માનમાં દર વર્ષે આ દીવસે સમગ્ર ભારતમાં 'રાષ્ટ્રીય વીજ્ઞાન દીવસ (National Science Day) ની ઉજવણી' કરવામાં આવે છે. તેના ભાગરુપે આ વર્ષે પણ ગુજકોટ-ગાંધીનગર અને NCSTCના સહયોગથી જીલ્લા લોક વીજ્ઞાન કેન્દ્ર-સુરત દ્વારા એક અઠવાડીયાની ઉજવણીનું 'આઝાદી કા અમૃત મહોત્સવ' અન્વયે અનેકવીધ કાર્યક્રમોનું મોટા પાયે આયોજન કરવામાં આવેલ. આ વર્ષની મુખ્ય થીમ "Integrated Approach in S & T for sustainable future" છે.

૨૮ ફેબ્રુઆરી, 'રાષ્ટ્રીય વીજ્ઞાન દીવસ-૨૦૨૨ની ઉજવણી' જીલ્લા લોક વીજ્ઞાન કેન્દ્ર, સુરત દ્વારા અલગ અલગ ત્રણ જગ્યાએ વીવીધ કાર્યક્રમો યોજવામાં આવ્યા કે સહભાગી થવાનું થયું.

(૧) સૌ પ્રથમ વીશ્વભારતી ઈન્ટરનેશલ ગર્લ્સ સ્કૂલ, મોરાથણા, ખાતે સવારે ૮.૩૦ થી ૯.૩૦ સમયમાં સત્યશોધક સભાના શ્રી મનસુખભાઈ નારીઆનું 'ડો. સી. વી. રામન આપણા મહાન વૈજ્ઞાનીક' વીશે વીસ્તૃત પ્રવચન યોજાયું. એમણે બાળકોને માર્ગદર્શન આપ્યું. આ માહીતીથી બાળકો ખુબ જ પ્રભાવીત થયા હતા.

(૨) સત્યશોધક સભાના પ્રમુખશ્રી સીદ્ધાર્થભાઈ દેગામીએ 'અંધશ્રદ્ધા નીર્મુલન અને જાગૃતતા ઉભી થાય' તે અંગે પ્રયોગો અને ડેમો-સ્ટ્રેશન દ્વારા ૯.૩૦ થી ૧૨.૦૦ વાગ્યા સુધી ખુબ જ રમુજ સાથે માર્ગદર્શન આપ્યું. બાળકોને આનંદ સાથે જ્ઞાન પીરસ્યું, અને બાળકોને મજા કરાવી. ઉપરની શાળાના બન્ને આચાર્યાશ્રીઓ, શ્રીમતી ડુમસીયા મેડમ અને શ્રીમતી ગીતાબેન શાળાના કેમ્પસ ડાયરેકટર શ્રી જ્યોતીરભાઈ પંડયા ઉપસ્થીત રહયા હતા. કાર્યક્રમની શરુઆતમાં ઉદ્દ્ઘાટન પ્રસંગે કાર્યક્રમના મુખ્ય મહેમાનો અને વકતાશ્રી મનસુખભાઈ નારીયા, શ્રી સીદ્ધાર્થભાઈ દેગામી અને જી. એન. કાકડીયા, ડાયરેકટર, CSC-સુરત વગેરેને મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું. સાથે સાથે નીબંધ સ્પર્ધાના વીજેતા વીદ્યાર્થીનીઓને પ્રમાણપત્ર અને શીલ્ડ આપી એમને પ્રોત્સાહીત કર્યા હતા.

(૩) ત્રીજો કાર્યક્રમ પ્રાથમીક શાળા, કોસમાડા ખાતે યોજવામાં આવ્યો ત્યાં પણ શ્રી સીદ્ધાર્થભાઈ દેગામીએ બાળકોને 'અંધશ્રદ્ધા નીર્મુલન અંગે જાગૃતતા' અંગે પ્રયોગો દ્વારા ડેમોન્સ્ટ્રેશન કરવામાં આવ્યા, અને એમને જાગૃત કર્યા હતા કે સમાજમાં ખોટી માન્યતા, રસાયણના ઉપયોગ કે હાથચાલાકી દ્વારા છેતરપીંડી કરવામાં આવે છે તેમાં પડવું નહીં. હંમેશાં વૈજ્ઞાનીક દ્રષ્ટીકોણથી જોવું, ચકાસવું, બાળકોને મજા પડી. ૧૫૦ જેટલા બાળકોએ ભાગ લીધો હતો.



(૪) લીલાબા ગર્લ્સ શાળા અને એ વીસ્તારના ગ્રુપ ઓફ સ્કુલ્સના સંયુકત ઉપક્રમે લાલદરવાજા ખાતે વીજ્ઞાનમેળાનું પણ આયોજન મોટા પાયે કરવામાં આવેલ, ૨૦૦થી વધારે વીદ્યાર્થીઓએ જુદા જુદા વીષય/થીમ પર પ્રોજેકટસ તૈયાર કરી પ્રદર્શીત કર્યા હતા. તેનું નીરીક્ષણ કર્યું અને ત્યાર બાદ સમાપન કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે સત્યશોધક સભાના શ્રી મનસુખભાઈ નારીયા, શ્રી જી. એન. કાકડીયા અને શ્રી સીદ્ધાર્થભાઈ દેગામી ઉપસ્થીત રહ્યા. મનસુખભાઈએ તેમના પ્રવચનમાં બાળકોને વીજ્ઞાન સંબંધીત વીષય પર માર્ગદર્શન આપી સૌને પ્રોત્સાહીત કર્યા હતા.

(૫) સત્યશોધક સભા દ્વારા દર વર્ષે વીજ્ઞાન દીવસ નીમીત્તે વીવીધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે કોરોના કાળ બાદ શાળાઓ ઓફ લાઈન શરુ થઈ

હોય શાળાના વીદ્યાર્થીઓ સાથે વીજ્ઞાનની વાતો થાય તેવા આશયથી જીલ્લા લોક વીજ્ઞાન કેન્દ્રના સહયોગથી સુરત શહેર જીલ્લાની શાળાઓમાં જોરદાર ઉજવણી કરવામાં આવી.



તા. ૨૭મીના રોજ ધોળકીયા નીર્માણ ઓપન સ્કુલ ખાતે વીજ્ઞાન મેળા/પ્રોજેકટ પ્રદર્શન યોજવામાં આવ્યું, જેમાં વાલીઓ અને વીદ્યાર્થીઓએ ભાગ લીધો. આ શાળાની ખાસ વાત એ છે કે અહીં ધો. ૧ થી ૧૦ સુધી વીદ્યાર્થીઓને ઈન્ફોર્મલ એજયુકેશન આપવામાં આવે છે. અભ્યાસક્રમ, વર્ગખંડ અને પરીક્ષાના કોચલામાંથી મુકત થઈ વીદ્યાર્થીઓ પ્રવૃત્તીઓ દ્વારા મનપસંદ વીષયોનું શીક્ષણ મેળવે છે. શાળાના વીદ્યાર્થીઓએ પોતાની સુઝ પ્રમાણે વાલીઓ શીક્ષકોના માર્ગદર્શન હેઠળ ૫૦ જેટલા ઈનોવેટીવ પ્રોજેકટ રજુ કર્યા હતા. જેમાં ગણીત, પર્યાવરણ, વેસ્ટ મેનેજમેન્ટ, ઉર્જા વગેરે વીષયને આવરી લીધા હતા.

આ કાર્યક્રમના ઉદ્‌ઘાટન પ્રસંગે પદ્મશ્રી સવજીભાઈ ધોળકીયા ઉપસ્થીત રહ્યા હતા. તેમણે બાળકોના વાલીઓને પ્રેરણાત્મક અને પ્રોત્સાહક ઉદ્‌બોધન કર્યું હતું. સત્યશોધક સભાના પ્રમુખ સીદ્ધાર્થ દેગામીએ પ્રો. યશપાલ અને પ્રા. અનીલ સદ્‌ગોપાલજી, ડો. પી. સી. વૈદ્ય સાહેબના ઈન્ફોર્મલ એજયુકેશનના વીચારો, એકલવ્ય સંસ્થાનું ઉદાહરણ, વાલીઓ સમક્ષ મુકયા હતા. લોકવીજ્ઞાન કેન્દ્રના ડાયરેકટડર શ્રી જી. એન. કાકડીયા, શ્રી નીતીનભાઈ સાવલીયા, શ્રી રશ્મીકાંત પટેલ (ડાયેટ) તથા અન્ય મહેમાનોએ પણ પ્રેરણાત્મક માર્ગદર્શન આપી બાળકોને પ્રોત્સાહીત કર્યા હતા. શાળાના સંચાલક સંગીતાબેન દુધાત અને શીક્ષકગણે સુંદર આયોજન કર્યું હતું.

(૬) તા. ૨૭ મી ફેબ્રુઆરીના જ રોજ એલ. પી. સવાણી વીદ્યાભવન હનીપાર્ક ખાતે વીજ્ઞાન પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના ઉદ્‌ઘાટક શ્રી જી. એન.

કાકડીયા, મુખ્ય મહેમાન  સત્યશોધક સભાના શ્રી મનસુખભાઈ નારીયા, રંજન પટેલ, સીદ્ધાર્થ દેગામી, શાળાના વાઈસ ચેરમેન શ્રી ધર્મેન્દ્ર મેવાણી, શાળાના આચાર્યશ્રી પ્રતીમાબેન સોની, સંજયભાઈ બોસમીયા વગેરે ઉપસ્થીત રહી બાળકોને વીજ્ઞાન અને વૈજ્ઞાનીક અભીગમ અંગે માર્ગદર્શન આપ્યું હતું.

(૭) વીજ્ઞાન દીનની ઉજવણી નીમીત્તે તા. ૨ માર્ચના રોજ એમ. કે. જરીવાળા હાઈસ્કુલ, શાહપોર, સુરત ખાતે સભાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આરંભમાં શાળાના આચાર્યા  શ્રીમતી સોનલબેન કોસંબીયાએ આવકાર આપ્યો. શ્રી અતુલ પાઠકજીએ પ્રાસંગીક ઉદ્‌બોધન કર્યું હતું. સભાના પ્રમુખ સીદ્ધાર્થ દેગામી અને સભાના મંત્રી સુનીલ શાહે વીજ્ઞાન દીને વીદ્યાર્થીઓમાં વૈજ્ઞાનીક અભીગમ કેળવાય એવા વીદ્યાર્થીઓ વૅજ્ઞાનીક દ્રષ્ટીકોણથી વીચારતા થાય એ વાતને ધ્યાનમાં રાખી વીજ્ઞાન પ્રયોગોનો નીદર્શન કર્યું. કહેવાતા ચમત્કારની ભીતરમાં વીજ્ઞાન છે એ વાતની સમજ આપવામાં આવી. કાર્યક્રમના પ્રમુખસ્થાને રોટરી કલ્પ ઓફ સુરત ડાયમંડના પ્રમુખ ડૉ. પ્રકાશભાઈ પટેલે પ્રાસંગીક ઉદ્‌બોધન કર્યું હતું. વીદ્યાર્થીઓએ તૈયાર કરેલ કૃતીઓ નીહાળી મહેમાનોએ વીદ્યાર્થીઓને પ્રોત્સાહન આપ્યું હતું.

---

## અપીલ

**ગુજરાતીભાષીઓ માટે રેશનાલીઝમ પર ચીંતન કરતું એક માત્ર 'સત્યાન્વેષણ' માસીક છે. માત્ર ગુજરાત-મુંબઈમાં જ નહીં, પરંતુ અન્યત્ર પણ ગુજરાતીભાષીઓ વસે છે. એ સૌને અપીલ કરવાની કે આપ સૌ 'સત્યાન્વેષણ'ના વાચક બનો. પ્રવર્તમાન વાચકોને પણ વીનંતી કે તેઓ દરેક બીજા પાંચ વાચકો બનાવી આપે. આપણું 'સત્યાન્વેષણ' દરેક મહીનાની પંદરમીએ નીયમીતપણે બહાર પડે છે. એનું વાર્ષીક લવાજમ રૂા. ૨૦૦/- અને આજીવન રૂા. ૨૦૦૦/- છે. મ. ઓ.થી કે સત્યશોધક સભાના બેન્ક ઓફ બરોડા ખાતામાં સીધા જમા કરાવી શકાય છે. સત્યશોધક સભાને આપવામાં આવતું દાન આવકવેરામાં રાહતને પાત્ર છે.**

***દરેક 'સત્યાન્વેષણ'ના પહેલા ટાઈટલ પર વાચકોને જણાવવામાં આવે છે કે 'સત્યાન્વેષણ' www.satyashodhak sabha.com પર વાંચવા મળશે. ઉપરાંત જો  વાચક એનો મોબાઈલ નંબર અને ઈ-મેઈલ એડ્રેસ આપશે તો એને આ જ લવાજમ હેઠળ PDF મોકલવામાં આવશે.**

# ગણપતીને દુધ અને નંદીનીને પાણી ?!

**–સુર્યકાન્ત શાહ**

ગણપતીને દુધ અને નંદીનીને પાણી ? યે તો બડી ના-ઈન્સાફી હૈ ! ગણપતી બધી જ જગાએ શુકનમાં આવીને બેસી જાય એટલે એમને દુધ પીવડાવવામાં આવે તેમાં કોઈને કશો વાંધો નહીં હોય. કવીન્ટલ પર કવીન્ટલ ભરીને તેઓ પી ગયા એમાં વાંધો કોને હોય ? ગણપતી જેટલું દુધ વધારે પીએ એટલાં શુકન સારાં થાય. શરુ કરેલ કામ નીર્વીઘ્ને પાર ઉતરે કારણ કે તેઓ વીઘ્નહર્તા છે જ. ગણપતીને સુંઢથી દુધ પીવડાવવાનું કે સુંઢની પાછળ સંતાઈ ગયેલા મોંઢાથી પીવડાવવાની ચર્ચા ખુબ ચાલેલી. સુંઢ તો એમનું લાંબુ નાક છે. એનાથી પીવડાવો તો એમના ફેફસામાં જાય. ન્યુમોનીયા થાય એટલે સુંઢ ખસેડીને મોંઢાથી જ પીવડાવાય. મુશ્કેલી એ છે કે સુંઢ પથ્થર કે માટીની હોવાથી ખસતી નથી. ગણપતીને વાંકા વાળી શકાતા નથી કારણ કે તેઓશ્રી તો દુંદાળા છે અને એ કયાં તો આખા જ માટીના બનેલા છે કે પથ્થરના બનેલા છે. આથી સમાધાન એવું કરવું પડે કે સુંઢ અને છાતી વચ્ચેના ભાગમાં નાનું પાટીયું મુકવું, અને એના પર નાની કટોરી મુકવી. ગણપતીનું વાહન ઉંદર છે. દુધ પીવડાવનારા તો કટોરી મુકીને ચાલ્યા ગયા, પછી રાત્રે લાગ મળતા ઉંદર પી ગયા કે ખરેખર ગણપતી પી ગયા તે પર જાણવા મળ્યા મુજબ ભકત સંશોધકો ઉંડુ સંશોધન કરી રહ્યા છે. વખત ઘણો થઈ ગયો છે. તેથી એમના પી.એચ.ડી.ના માર્ગદર્શક ઉતાવળ કરવાનું કહે છે. આથી અપેક્ષા રાખી શકાય કે ટુંક સમયમાં તે જાણવા મળશે.

ગણપતીને ટનબંધી દુધ પાયા પછી હવે નંદીનીને કંઈક 'પીવા'નું મન થયું. આમ તો એ જેમનું વહન કરે છે એ શીવજીને ભાંગ પ્રીય પીણું છે, પરંતુ નંદીની એ પીએ તો શું થાય એ તો કોઈ પણ શહેરની ભાગળ પર અથડાતા આખલા જોઈને નકકી કરી શકાય એમ છે જ. આમ નંદીનીને ભાંગ નહીં પીવડાવવાનો નીર્ણય વીવેકબુદ્ધીવાદને અનુરુપ છે, પરંતુ એને તદ્‌ન મફતમાં મળતા પાણીને પીવડાવવાનો નીર્ણય તો અદ્‌લ ના-ઈન્સાફી છે, અન્યાય છે અને અસમાનતાની ચાડી ખાય છે. ગણપતનીને દુધ પીવડાવ્યા પછી નંદીનીને પાણી પાવામાં અન્યાય થઈ રહ્યો છે તે જોતા કેટલાક નંદીનીભકત વકીલો સુપ્રીમ કોર્ટના દ્વારા ખખડાવવાની તૈયારી કરી રહયા છે. એવું સાંભળ્યું છે કે હમણાંના મુખ્ય ન્યાયાધીશ નાની શી ગેરઈન્સાફી પણ ચલાવી લેતા નથી. આથી વકીલોને આશા છે કે નંદીનીને ન્યાય મળશે,

અને એને દુધ પીવા મળશે. પાયાના સવાલોનો સવાલ એ છે કે ગણપતીને દુધ અને નંદીનીને પાણી આપ્યુ એટલે અસમાનતા પોષાય છે તેનું શું ? નંદીની દેવોના દેવ મહાદેવના વજનને ઉંચકીને તેઓશ્રી જ્યાં કહે ત્યાં બીચારો લઈ જાય છે, એ સાચો શ્રમીક છે. આપણા સમાજમાં એવું બન્યું છે ને કે જેઓ સાચા શ્રમીકો જેવા કે, ધોબી, ખેતમજુર, હજામ, સફાઈ કામદાર, વગેરેને કે જેઓ સમાજની કરોડરજ્જુ છે. એમને ઓછું વેતન આપવું અને જેઓ આરામખુરશી, વ્યાસપીઠ કે પથારીમાં બેસીને હાથ ઉંચો કરીને માત્ર આશીર્વાદ આપવાનું કાર્ય કરે એમને તેઓ પચાવી નહીં શકે એટલા થાળ આપવા અને બંગલા, ગાડી, લાડી વગેરે આપવા ! નંદીનીને પાણી પાવાથી આપણા ડીએનએમાં સમાઈ ગયેલી અસમાનતા ચાડી ખાય છે. આથી બને એટલું વહેલું એ જોવું જોઈશે કે નંદીનીને દુધ પીવડાવવાનું શરુ થાય ઉપરાંત નંદીનીનું મોંઢું તો ખુલ્લું છે, પહોળું છે. અલબત્ત એ ઘણુંખરુ કાળા પથ્થરના હોય છે. તેથી શેરીના આખલાની જેમ માથું નીચું કરી શકશે નહીં. કંઈ નહીં જરા મોટું ટેબલ લાવીને એમાં જો કટોરો તો નહીં પણ તગારુ ભરીને દુધ આપવામાં આવશે તો એ આંખના પલકારામાં પી જશે. આથી અમુલ-સુમુલને પહેલેથી જ દુધના ટેંકરોનો ઓર્ડર આપી દેવાનો રહેશે કે જેથી નંદીની પુરી તાકાતવાળો થાય અને ભગવાન શીવને પાંખાળા પંખીની જેમ ઉડાડી ઉડાડીને ધારેલી જગ્યાએ લઈ જશે.

ઓમ્ નમઃ શીવાય !

## લઘુકાવ્ય

**–રમેશ પટેલ**

* ધર્મગ્રંથોના ગપગોળાને
બદલે
વીજ્ઞાન-ગ્રંથો વાંચી,
આપણે-
વીજ્ઞાનમય - તંદુરસ્ત
જીવન જીવીએ !

---

* સંખ્યાના બધા જ
અંકો શુભ હોય;
૧૩મો અંક ખુમારીથી બોલ્યો :
‘અશુભ છે માત્ર
તમારી અંધશ્રદ્ધાની
શ્રદ્ધા !

---

* સમાજને
લાગુ પડેલ  કેન્સર છે-
જ્ઞાતીવાદ - જાતીવાદ
ઉંચ-નીચના ભેદભાવો !

- - -

* અનેક
ધાર્મીક ગ્રંથોથી
અધીક છે -
એક ઉત્તમ કવીનો
કાવ્ય સંગ્રહ !

- - -

* શ્રદ્ધાના સીક્કાને
ઉલટાવીએ -
તો
દર્શન કરીશું !
અંધશ્રદ્ધાના !

---

* ભીખ
માંગવા માટે
આપણે સૌએ
'પ્રાર્થના' તો
કરવી જ રહી !

- - -

* ચીંતા કરતું
રંકનું
કાષ્ઠ ભડ્...ભડ્...ભડ્...સળગી ગયું-
ચીતા બનીને !

---

* માનવતાનો
મંગલમય માર્ગ એટલે જ-
રેશનાલીઝમ !

- - -

* ખજૂરાહોના
મંદીરોના શીલ્પો છે
આપણો
પ્રાચીન 'કાવ્ય સંગ્રહ !'

- - -

* વાસ્તુશાસ્ત્ર એ
પૈસા કમાવાની
પ્રપંચી
યુકતી-પ્રયુકતી
અને
ભોળા લોકોને
ભોળવવાની
ચાલાકી જ માત્ર છે,
દોસ્તો !

---

* હું
ભલે અપ્રીય બનું
પણ-
રેશનાલીઝમના દ્વારે
ટકોરાઓ મારતો રહીશ,

દોસ્તો !

---

* કાગળ પર
ચીતરેલું મીષ્ટાન
આરોગે છે
આંખથી -
રંક બાળકો !

\- - -

* સ્વજનના
મૃત્યુ પછી-
ક્રીયાકાંડને
તીલાંજલી એ જ-
સાર્થક શ્રદ્ધાંજલી !

\- - -

* હે જ્યોતીષ -
તું જ તારું 'ભવીષ્ય' જો
જેથી
તારી ગરીબાઈ મટે !

\---

# વીજ્ઞાનનો મહત્તમ દુરુપયોગ યુદ્ધમાં થાય છે

**–સુર્યકાન્ત શાહ**

હમણાં હમણાં મને મારા મહોલ્લામાં થતા ઝઘડા યાદ આવે છે. સામે રહેતા રતીલાલને એમના પડોશી ધનસુખલાલની ઘણી અદેખાઈ. નાનામાં નાનું કારણ મળે તો એ એમની સાથે ઝઘડો કરે. એકવાર રતીલાલના દીકરા અને ધનસુખલાલના દીકરા વચ્ચે મારામારી થઈ. બંને રડતા જાય, મારામારી કરતા જાય ! રતીલાલ ઘરમાંથી ઓટલા પર આવ્યા અને જોયું કે મારામારી ચાલે છે. એ લાગલા નીચે ઉતર્યા, અને ધનસુખલાલના દીકરાને જોરથી લાફો ચોડી દીધો ! અજાણ્યા ખુણેથી ઓચીંતા થયેલા હુમલાને એ બરદાસ્ત નહીં કરી શકયો. જોશથી ભેંકડો તાણ્યો. રતીલાલે વધારામાં એને ગાળો દીધી. ધનસુખલાલ બારીએ આવ્યા. એમના દીકરાએ રતીલાલ વીરુદ્ધ ફરીયાદ કરી. ધનસુખલાલે દીકરાને શાંતીથી ઘરમાં આવી જવા જણાવ્યું. રતીલાલ આભા બની ગયા. એમનો લક્ષ્યાંક તો ધનસુખભાઈ હતા અને ધનસુખલાલે યુદ્ધ જ જાહેર ન કર્યું. રતીલાલથી ધનસુખભાઈની ખામોશી પણ સહન ન નહીં થઈ ! આથી એમણે ધનસુખલાલના માતા-પીતા, દાદા-દાદી, નાના-નાની બધાંને યાદ કરીને સુરતી ફરમાસુ દેવા માંડી. ધનસુખલાલે મૌન જાળવીને રતીલાલની સામે ટગર-ટગર જોયા કર્યું. રતીલાલ પાસે ઝઘડાનું કોઈ કારણ જ રહ્યું નહીં. આથી એમણે ધમકી

આપી કે ઘરની બહાર જો ધનસુખલાલની બંને દીકરીઓમાંથી કોઈ પણ નીકળશે તો તેઓ એમને પણ મારશે. એ સાંભળીને ધનસુખલાલે એમના ચહેરા પર જરાયે ફેરફાર નહીં કર્યો. માત્ર સાંભળી રહ્યા.

આખરે રશીયા-યુક્રેનના યુદ્ધમાં પુતીનમાં રતીલાલ દેખાય છે અને ધનસુખલાલમાં જો બ્રાઈડન દેખાય છે. જેમ ભેગા થયેલા શેરીવાળા ધનસુખલાલને પ્રતી હુમલો કરવા ‘ચડાવતા’ હતા તેમ વીશ્વભરના મોટા ભાગના દેશો બ્રાઈડનને અમેરીકાની જે કાયમી જમાદારી છે તે કરવા ‘ચઢાવે’ છે. આ લખાય છે ત્યાં સુધી તો એ પેલા ધનસુખલાલની જેમ પુતીનને ટગર-ટગર જોતા દેખાય છે. આથી જ પુતીને રતીલાલની જેમ અમેરીકાની બે દીકરીઓ જેવા સ્વીડન અને ફીનલેન્ડ પર પણ હુમલા કરવાની ધમકી આપી છે. હમણાં તો સરમુખત્યાર પુતીન નાના અને નબળા યુક્રેન પર શુરવીરતા બતાવીને જાતે-જાતે જ શાબાશી લે છે !

**યુદ્ધની વધતી વીનાશકતા.**

પુતીન પાસે અણુશસ્ત્રોથી માંડી લાખો સૈનીકોનું સૈન્ય છે.અનેક વૈજ્ઞાનીક શોધોનો દુરપયોગ કરીને જગતભરના રકતપીપાસુ રાજકારણીઓએ મહાવીનાશક આયુધો બનાવ્યા છે. આ બધામાં અગ્રેસર અમેરીકા, રશીયા અને ચીન છે. રશીયા અને ચીન કોઈકવાર ભેગા થઈને તો કોઈકવાર અલગ-અલગ અમેરીકાને પડકારતા રહે છે. બાઈડન આવ્યા તે પુર્વેના પ્રમુખો આ પડકારોની જાળમાં ફસાતા હતા. પરીણામે વીનાશક યુદ્ધો થતાં હતાં. વીયેટનામ, કોરીયા, અફઘાનીસ્તાન અને આવા કેટલાક દેશોને અત્યારના યુક્રેનની પરીસ્થીતી પ્રસંગે અમેરીકાએ દરમીયાનગીરી કરતા તો કરી દીધી, પરંતુ એ બધા દેશો અમેરીકાના ગળામાં ઘંટીના પડ જેવા ભીંસાતા હતા. જગતભરના વીશ્લેષકો ભલે બ્રાઈડનની આ ક્ષતી ગણાવે, પરંતુ મારા મતાનુસાર બ્રાઈડનનો યુક્રેનમાં લશ્કર નહીં મોકલવાનો નીર્ણય વાજબી જ છે. અમેરીકા લશ્કર મોકલે તે પુતીન ઈચ્છતા હતા. જો બ્રાઈડન પુતીનની ઈચ્છા પ્રમાણે દરમીયાનગીરી કરતે તો યુદ્ધ ઘણું વીસ્તરતે અને ખુબ વીનાશક રહેતે. બ્રાઈડનનો આ સંયમ મારી શેરીમાં જોયેલા ધનસુખભાઈના જેવો સંયમ છે.

વીજ્ઞાન અને ટેકનોલોજી આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સ સુધી વધી છે. તેથી માત્ર કારખાના-કચેરીમાં જ નહીં. યુદ્ધના મેદાનમાં પણ મોટા ભાગના હથીયારના ઉપયોગ કરનારે મેદાનમાં આવવાનું જ નથી. યુક્રેન પર જે ડઝનબંધી મીસાઈલ છોડવામાં આવ્યા તેમાં માણસ તો હાજરાહજુર હતો જ નહીં. બીજી બાજુ, બોમ્બર, ટેન્ક, યુદ્ધ જહાજો અને સબમરીનોમાં પણ એને ચલાવનારા તો સંપુર્ણ સલામત જ હોય છે. એ હથીયારોની તોડફોડ

કરનારા સામે એવા હથીયાર હોય તો જ એ સૈનીકોનું જોખમ વધે છે. વીજ્ઞાન અને ટેકનોલોજીના વધારે વધારે દુરુપયોગથી તો યુદ્ધોમાં વધારે સલામતીની ખાતરી મળતા સૈનીકો પણ દુશ્મન દેશના જાન-માલનું મહત્તમ નુકસાન કરવાને માટે પ્રેરાય છે. યુક્રેન પરના રશીયાના આક્રમણના પહેલા અત્યાર સુધીના દીવસમાં જ આ વીનાશકતા દેખાઈ.

જો ધનસુખભાઈએ ઘરમાં બોલાવી લીધેલા પોતાનો દીકરો ઓચીંતો બહાર નીકળે અને રતીલાલને પથરો મારે અને તે એમને લાગે તો આક્રમક રતીલાલ એકદમ બચાવમાં આવી જાય. અવું જ કંઈક યુક્રેને કર્યું. પુતીન ધારતા હતા તે કરતા વધારે યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કો અને પ્રજા મજબુત મનોબળવાળા નીકળ્યા. યુદ્ધના બહુ જ ટુંકા સમયગાળામાં યુક્રેને માત્ર રશીયાને જ નહીં, પરંતુ સમગ્ર વીશ્વને બતાવી આપ્યું કે ગમે એટલો વીનાશ વેરી શકે એવો દુશ્મન હોય તો પણ દેશના મજબુત મનોબળ સમક્ષ એણે ઝુકવું પડે છે. અલબત્ત, આ બાબતમાં પણ બ્રાઈડનની આગેવાની હેઠળ બે-ત્રણ દેશોના અપવાદ સીવાય બધા જ દેશોએ રશીયાના આક્રમણનો વીરોધ કર્યો. આર્થીક નાકાબંધી કરવા માંડી. બીજી બાજુ ચાલતી વીનાશલીલાથી ખુબ નજીક રહીને પત્રકારોએ તબાહીને જ તાદશ રજુ કરી દે તે હીંમતને સલામ જ કરવાની થાય. આમાં વીજ્ઞાન અને ટેકનોલોજીથી બનેલા મહાવીનાશક યુદ્ધ અને યુદ્ધખોરની વીરુદ્ધ મજબુત મનોબળ પ્રજા અને નેતા, તેમ જ પત્રકારો જેવા વર્ગોની નીર્ભયતા કાર્યરત થાય તો સરમુખત્યારોને પારોઠના પગલા ભરવા પડે એ પણ આ યુદ્ધમાંથી મળતા બોધપાઠ છે.

બીજા વીશ્વયુદ્ધ પછીના યુદ્ધોને તપાસીએ તો ગણનાપાત્રો યુદ્ધો સરમુખત્યારોએ શરુ કર્યા છે. ખાસ કરીને લશ્કર પર અંકુશ મેળવીને આ સરમુખત્યારો પહેલા તો પોતાની જ પ્રજાને ભુખે મારીને પણ લશ્કરી તાકાત વધારતા જાય છે. દેશની અંદર વીરોધનો નાનો શો સુર પણ સંભળાય નહીં તેની તેઓ જડબેસલાક વ્યવસ્થા કરે છે. ત્યારબાદ લશ્કરી તાકાતના વીશ્વભરમાં પ્રદર્શન કરી પોતાની સત્તાભુખ અન્ય દેશો સુધી વીસ્તારવા યુદ્ધના મંડાણ કરે છે, બન્ને વીશ્વયુદ્ધોમાં પણ એક પક્ષે તો સરમુખત્યારો જ હતા, લોકશાહીને વરેલા દેશોના વડા આવા યુદ્ધો કરતા ઓછા દેખાયા છે. યુક્રેન પરનું આક્રમણ આથી એક બીજો બોધપાઠ આપે છે કે, દરેક દેશની રાજયવ્યવસ્થા લોકશાહી ઢબની હોવી જોઈએ. એમાં વીરોધ દર્શાવતા અવાજને સ્થાન હોવું જોઈએ. સામાન્ય સંજોગોમાં પણ લોકશાહી સત સતર્કતા તો એ બાબતની હોવી જોઈએ કે પ્રજા પોતે જ વીરોધ દર્શાવનારાઓને સાંભળવાનું રાખે. આમ થશે તો જ વીજ્ઞાન અને ટેકનોલોજીનો માનવકલ્યાણ માટે સદ્દુપયોગ થતો રહેશે.

('ગુજ. ગાર્ડીયન'માંથી સાભાર)

# રેશનલ ચળવળ

**(૧) ગોધરાના ડો. સુજાત વલીની આગેવાનીમાં** હ્યુમેનીસ્ટ રેશનાલીસ્ટ સોસાયટી અને લોકવીજ્ઞાન દ્વારા નીચે દર્શાવેલ વેબીનાર યોજાયા હતા. મહદ્અંશે તેનો સમય બુધવારે રાત્રે ૯.૦૦ થી ૧૦.૦૦ નો હોય છે. તમારે એમાં ભાગ લેવો હોય તો અવીનાશ મીસ્ત્રી (મો.-૮૪૦૧૩ ૦૩૦૦૦) નો સંપર્ક સાધવો. (સુ.)

| તારીખ | વીષય | |
|---|---|---|
| ૧૬-૦૨-૨૨ | જન્મ અને ડાર્વીન | જુથ ચર્ચા |
| ૨૩-૦૨-૨૨ | કીસ્સા પુનર્જન્મના | વકતા : ડી. એન. દેસાઈ, સુરેશ પરીખ, પીયુષ જાદુગર |
| ૦૨-૦૩-૨૨ | મહાન કુદરતી શકતી (Super National Power) | જુથ ચર્ચા |

**(૨) રમણ–ભ્રમણ સુવર્ણચંદ્રકથી આભુષીત જયંત પંડયાની આગેવાનીમાં** ભારત જનવીજ્ઞાન જાથા, રાજકોટ તરફથી નીચે દર્શાવેલ કાર્યક્રમો થયા હતા.

(૧) વીજ્ઞાનદીન નીમીત્તે જામનગર જીલ્લામાં કાલાવડ તાલુકાના મોટા વડાચા ગામે જાથાનો ૯૯૯૮મો કાર્યક્રમ યોજાયો હતો. ચમત્કારોના નીદર્શન તથા વીજ્ઞાનલક્ષી સ્પર્ધાઓ યોજવામાં આવ્યાં હતાં. જયંતભાઈએ વૈજ્ઞાનીક મીજાજ કેળવવા માટે શ્રોતાઓને આહવાન કર્યું હતું.

(૨) વીજ્ઞાન દીન નીમીત્તે જાથાએ રાજકોટમાં વીજ્ઞાન રેલી યોજી હતી. રેલીના અંતે યોજાયેલી સભામાં જીલ્લા કલેકટરે મનનીય ઉદ્બોધન કરી વીદ્યાર્થીઓ અને લોકો પોતે જ અંધશ્રદ્ધાને દુર કરવા તૈયાર થવા આગ્રહ કર્યો હતો.

### સત્યશોધક સભાને દાન

**શ્રી જગુ મકન પટેલ અને પ્રેમી જગુ પટેલ, સામપુરા, તા. કામરેજ, જી. સુરતના સ્મરણાર્થે હ. સુરેન્દ્રભાઈ જગુ પટેલ તરફથી સત્યશોધક સભાને રૂા. ૧,૨૫૧/- નું દાન મળ્યું છે. તેનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે.**

RNI, Delhi, Regd. No. GUJ GUJ/2009/30348 Posted under Registration License No. SRT-716/2022-2024 (with prepayment of postage)

## શ્રદ્ધાળુ અને અંધશ્રદ્ધાળુની સાંઠગાંઠ

દેશના આર્થીક ક્ષેત્રે નેશનલ સ્ટોક એક્સચેંજમાં થયેલ ગોલમાલ બહુ મોટી દુર્ઘટના છે. હીમાલયના અદ્રશ્ય યોગીના નામે અંધશ્રદ્ધાળુ પ્રજાના માનસનો દુરુપયોગ કરી ચીત્રાએ જે કંઈ કર્યું છે તે આ અંકમાં અન્યત્ર દર્શાવાયું છે.

આ ગોલમાલ ઈ. સ. ૨૦૧૮ માં થઈ હતી. એની જાણ થતાની સાથે એ સમગ્ર કીસ્સો સી.બી.આઈ.ને સોંપવામાં આવ્યો હતો. બજારોની નીયંત્રણ કરતી સત્તા સેબીને એની જાણ તરત થઈ હતી. આમ છતાં શ્રદ્ધાળુ લોકોથી ચાલતી સરકાર અને તેમના તરફથી નીમાયેલ ચીત્રા અંધશ્રદ્ધાનો વેપાર કરતી હતી તેથી આ બન્ને તપાસ-સંસ્થાઓએ તપાસની પ્રક્રીયા સા'વ ધીમી કરી નાંખી. સરકારના અન્ય વીરોધીઓની રાતોરાત તપાસ કરનાર અને કહેવાતા આરોપીઓની તત્કાળ ધરપકડ કરનાર આ તપાસ-સંસ્થાઓએ તપાસ ઢીલી કરી નાંખી. આખરે ચાર વર્ષે આ બાબત સુપ્રીમ કોર્ટમાં આવી. સુપ્રીમે આ બન્ને સંસ્થાઓની શીથીલતા સામે પશ્નાર્થો ઉભા કર્યા છે. આ જ બતાવે છે કે શ્રદ્ધાળુઓ સભામાં હોય ત્યારે એમના દ્વારા નીમાયેલ અંધશ્રદ્ધાળુઓને બચાવી લેવા તેઓ એમની સભાનો ભારે દુરુપયોગ કરે છે. શ્રદ્ધાળુ અને અંધશ્રદ્ધાળુની આ સાંઠગાંઠ દેશને ખુબ નુકસાન કરે છે.

---

### સત્યશોધક સભાને દાન

સત્યશોધક સભાને વારંવાર મદદ કરનાર ડભોઈના પરમાર મનસુખભાઈ સોમાભાઈ તરફથી રૂા. ૧૦,૦૦૦/- નું દાન મળ્યું છે. જેનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે.

---

**સત્યશોધક સભાને મળતું દાન ૮૦-જી હેઠળ આવકવેરા રાહતપાત્ર છે.**

---

**માલીક સત્યશોધક સભા વતી મુદ્રક અને પ્રકાશક સુર્યકાન્ત શોભાગચંદ શાહે અગ્રવાલ ટ્રસ્ટ, રંગીલદાસ મહેતાની શેરી, ગોપીપુરા, સુરત-(ગુજરાત), ખાતે 'સત્યાન્વેષણ' છાપ્યું અને પ્રસીદ્ધ કર્યું. મુખ્ય સંપાદક : સુર્યકાન્ત શાહ**